# ગાંધીનગરના જન્મદિને સર્વે નગરજનોને શુભકામના

## પ્રાસંગિક

- મૂળજીભાઇ પરમાર

આજે બીજી ઓગસ્ટ-૨૦૧૪ એટલે મા ભારતીએ જેને પોતાની લાડલી ગણી, પ્રેમથી કેડે (કાખમાં) તેડી છે તેવી ગૌરવવંતી મા ગુર્જરીધરાના, સોહામણા સપ્તમ પાટનગર - ગાંધીનગર કે જેણે જન્મધરી, તડકી-છાંયડી અને આરોહ-અવરોહ વચ્ચે, ૪૯ વર્ષથી દડમડલ કાપી; ૫૦માં સ્વર્ણિમ વર્ષમાં ગૌરવભેર પદાર્પણ કર્યું છે, તેના જન્મદિનનું ઝળહળતું, ગૌરવવંતુ, સલૂણું સુવર્ણ પ્રભાત!

મા-ભારતીની પશ્ચિમની કાખમાં સદાય શોભતી ગરવી ગુર્જરી ધરા કે જેની ત્રણ સીમાઓ ઘૂઘવતા દરિયા, જળનો નિરંતર અભિષેક કરી, જેના પુનિય પાય પખાળી રહ્યા છે! જેની મહામૂલી ઓજસ્વી સંસ્કૃતિનો ભવ્યાતિભવ્ય વારસો, અમાપ અને અફાટ આભને આંબવાની એક નવતર કેડી કંડારીને, ભારત દેશને જ નહીં પરંતુ સમગ્ર વિશ્વને એક સકારાત્મક અને સર્જનાત્મક અભિગમની કેડી ચીંધી છે, તેવી ગરવી ગુજરાતનું પ્રથમ પાટનગર એટલે વડનગર પાસેનું આનર્તપુર. બીજી



રાજધાની એટલે દ્વારામતી, જેને શ્રીકૃષ્ણે ઉજાળી તે હાલનું દ્વારકા. તૃતીય રાજધાની કે જે ગિરનાર તળે બંધાણી તે ગિરિનગર - જૂનાગઢ. જેના પાય, પ્રેમથી ખંભાતનો અખાત પખાળે છે છે તે વલ્લભીપુર - (ભાવનગર) એ ચતુર્થ રાજધાની અને પાંચમી રાજધાની તે બહુ વખણાયેલ અણહિલપુર (પાટણ). અહમદશાહ બાદશાહ થકી બંધાયેલ એન જગતે જેને ભારતના માન્ચેસ્ટર તરીકે વખાણી છે છઠ્ઠી રાજધાની અમદાવાદ. ત્યારબાદ, તા. ૧૬-૩-૧૯૬૦ના રોજ ઘોષણા કરવામાં આવી તે, સાબરતીરે વસાવાયેલ સાતમી રાજધાની એટલે આપણા સૌનું જાણીતું, માનીતું મધમધતું હરિયાળું નગર... ગાંધીનગર!

સને ૧૩૪૭ના અરસામાં ગર્વનર શેખ મુઈમુદ્દીન નાઝીમના કાર્યકાળ વખતે સુલતાન મહંમદ તઘલઘ જયારે દિલ્હીથી લશ્કર લઈને ગુજરાતમાં આવ્યો હતો ત્યારે, ચઢાઈ દરમિયાન સુલતાન મહંમદે દોલતાબાદ કૂચ કરી હતી તે સમયે; પાટણથી અશાવાલા એટલે કે અમદાવાદના માર્ગે જયાંથી પસાર થયેલ તે વિસ્તાર, એટલે આપણું ગાંદીનગર; જેની હરિયાશા શહેર તરીકે વિશ્વમાં ગણના થાય છે, આપણા આ ગાંધીનગરની રચનામાં તે સમયનાં મહેસાણા જિલ્લાના કલોક તાલુકાના ૧૨ ગામોની - પેથાપુર, આદિવાડા, કોલવડા, વાવોલ, સરગાસણ, ધોળાકુવા, ઈન્દ્રોડા, બોરીજ, શાહપુર, લેકાવાડા, પાલજ અને બાસણની જમીનોનું સંપાદન કરવામાં આવ્યું છે, જે આશરે ૧૦૫૫૪ એકર જેટલી થાય છે. જયારે અન્ય સરકારી ખરાબા અને કોતરોની લગભગ ૪૦૦૦ એકર જમીનનો સમાવેશ થાય છે. સંપાદિક કરાયેલ જમીનનો ભાવ પ્રતિ ચોરસ મીટરે રૂા. ૨૧૦/- (બસો દસ) લેખે ચૂકવવામાં આવ્યો છે. ઉપર જણાવેલ ૧૨ ગામો પૈકી છ ગામો વાવોલનું ફતેપુરા, બોરીજ, ઈન્દ્રોદા, પાલજ, ધોળાકુવા, આદિવાડા, બાસણ ગાંધીનગર શહેરની હદમાં ભેળવી દેવામાં આવેલ છે. ત્યારબાદ વાવોલ અને સરગાસણની અનુક્રમે ૬,૮૩, ૩૬૨ ચો.મી અને ૮૪૩૯૯ ચો.મી. જમીન ગાંધીનગરના વિકાસ માટે સને ૧૯૯૧માં સંપાદિત કરવામાં આવી છે.

અમદાવાદથી ઉત્તરે ૩૨ કિ.મી.ના અંતરે અને સમુદ્ર તળથી ૨૧ મીટરની ઊંચાઈએ આવેલ, આપણા આ ગાંધીનગરની પ્રથમ ઈમારતની પ્રથમ ઈંટ તા. ૨-૮-૧૯૬૫ના રોજ; હાલનાં ગુજરાત વિદ્યુત બોર્ડના થર્મલ પાવર સ્ટેશનના ગેસ્ટ હાઉસના બાંધકામમાં મૂકાઈ. આ નગરનું



નામાભિધાન 'ગાંધીનગર' તરીકે તા. ૨૩-૧૨-૧૯૬૯ના રોજ કરવામાં આવ્યું. એપ્રિલ ૧૯૭૦માં અમદાવાદ ખાતેથી સચિવાલયનો શસ્ત્ર-સંરજામ - ફાઈલો અને ફર્નિચર ગાંધીનગર ખાતે ખસેડાયાં. આ સમયે પોટલાઓમાં કેદ થયેલ ફાઈલો અને ફર્નિચરને લઈને પસાર થતી ટ્રકોની વણઝાર કૈંક અનોખું દશ્ય સર્જતી હતી! જયારે ખટારા ગાંધીનગરના ધૂળીયા રસ્તેથી પસાર થતા ત્યારે ચોમેર ધૂળનાં ગોટેગેટા છવાઈ જતા. ગાંધીનગરમાં તે સમયે કયાંક કયાંક આંબાવાડિયાં સિવાય ભાગ્યે જ વૃક્ષો દેખાતાં. દૂર - દૂર નજર કરો તો, સર્વત્ર વેરાન... વેરાન. અને વળી તેમાં એપ્રિલનો ધોમ-ધખતો તાપ!




અમદાવાદની સાંકડી ખોલીઓ છોડીનો મોટા મકાનોની હોંશમાં સર્વે, સેક્ટર-૧૬ થી ૨૯ માં બંધાયેલ મોટા મકાનોમાં મહાલવાની જિજ્ઞાસાથી, ઉત્કંઠાથી હરખઘેલા બની રહ્યા હતા. પરંતુ એ વખતે વાહનવ્યવહાર અતિ સિમિત હતો. દિવસભરની ફક્ત એકાદ-બે બસ! ન કોઈ દવાખાનું, ન મંદિર, ન મસ્જિદ, ન ચર્ચ!! બાગ-બગીચાનું તો નામ-નિશાન નહીં! શહેરનું વાતાવરણ છોડીને આવેલાંને આ ગામડાનું વાતાવરણ શેં પાલવે?! દિવસભર ચોમેર ધૂળની ડમરીઓ ચડે. રાત્રી પડે એટલે સર્વત્ર ભેંકાર ભાસે! સૌ અંધખારની સોડમાં લપાઈ જાય અને વહેલી પડે સાર! વળી પાછું એ જ ધૂળીયું વાતાવરણ! ૧લી મે, ૧૯૭૦ ના દિવસે, હાલનાં ડૉ. જીવરાજ મહેતા ભવનમાં, માન. મુખ્યમંત્રી શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈના વડપણ હેઠળ સચિવાલયના કામકાજની શરૂઆત થઈ, આપણા ગાંધીનગરમાં જ! અને તેથી જ તો ટાઈમ્સ ઓફ ઈન્ડિયા દ્વારા બહાર પાડવામાં આવેલ ખાસ પૂર્તિમાં **Gandhinagar** માંથી **"G"** કાઢી નાંખીને **"Andhinagar"** - આંધીનગર છાંપવામાં આવ્યું હતું! શહેર હોવા છતાં તદ્દન ગામઠી વાતાવરણ, સૂનકાર અને સૂમસામ, ધૂળનાં ગોટેગોટા! જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ મેળવવા માટે કોઈ સગવડ નહીં! અનાજ દળવાની એકમાત્ર ઘંટી - ઘ-૫ પાસે કંતાનનું છાપરું બનાવીને તેમાં શરૂ કરાયેલ! જેમાં લોટની સાથે કર્મભૂમિની માટીનો પણ આસ્વાદ, મને-કમને માણવાનો લ્હાવો મળે!

નવવિકસિત ગાંધીનગર જાણે બાળળયે ગણિત ગણતું હોય તેમ, સેકટરો અંકોમાં... એક, બે... ત્રીસ એવું નામાભિધાન પામેલ અને જાણે કક્કો શીખતું હોય તેમ ક, ખ, ... ઝ એમ બારાખડીનાં અક્ષરોના નામથી વિશાળ રસ્તા પથરાયેલાં.

તા. ૩૦-૭-૧૯૭૦ ના રોજ નોટીફાઈડ વિસ્તાર તરીકે ગાંધીનગર જાહેર થયું. તા. ૧૧-૨-૧૯૭૧ ના રોજ અમદાવાદથી સેક્ટર-૨૭ ખાતે વિધાનસભાનું સ્થળાંતર થયું. કાયમી વિધાનસભા ગૃહનો શિલાન્યાસ તા. ૨૦-૩-૧૯૭૮ ના રો થયો અને કાયમી વિધાનસભા ગૃહનું તા. ૮-૭-૧૯૮૨ ના રોજ ઉદ્‌ઘાટન થયું. ડૉ. જીવરાજ મહેતા ભવન (જૂનું સચિવાલય) ખાતે તા. ૧૦-૭-૧૯૮૫ સુધી સચિવાલય કાર્યરત રહ્યું. સરદાર પટેલ ભવન (નવું સચિવાલય)નું ખાર્તમૂહૂર્ત તા. ૧-૧-૧૯૮૫ ના દિવસે સચિવાલયનું સ્થળાંતર કાયમી મકાન 'સરદાર પટેલ ભવન' - નવા સચિવાલય ખાતે થયું. ઉદ્યોગ ભવનનું ઉદ્‌ઘાટન તા. ૧૭-૧-૧૯૯૧ના રોજ થયું. કલેકટર કચેરી.

ધીમે ધીમે... ગાંધીનગરની કાયાપલટ થવા લાગી. તેના વિકાસની ક્ષિતિજો અકલ્પ્ય રીતે વિકસવા લાગી અને કૂદકેને ભૂસકે તેણે વિકાસની હરણફાળ ભરી! સર્વે વસાહતીઓમાં પણ ભ્રાતૃભાવની ઉચ્ચ ભાવનાનાં અંકુર ફુટીને, એકમેકની હૂંફની શીતળ છાંયડી બની! ધીમે ધીમે વસારત મંડળો અને સેવાકીય સંસ્થાઓની સ્થાપના થઈ ગાંધીનગર કલ્ચરલ ફોરમ, સાહિત્યસભા, કલા ગુર્જરી, જેવી સંસ્થાઓને કલા અને સંસ્કારનું સિંચન કર્યું. ગાંધીનગર રહેર વસાહત મહામંડળષ સિનિ. સિટીઝન કાઉન્સિલ પરિષદ જેવી સંસ્થાઓએ સેવાકીય પ્રવૃત્તિથી શહેર ધમધમતું રાખ્યું. સરકાર તરફથી આવશ્યક સવાઓ માટેની વ્યવસ્થા ઊભી કરવામાં આવી. મનોરંજન માટેની વયવસ્થા ઊભી કરવામાં આવી અને તેમાંથી ઊભા થયા સેકટરોના રંગમંચો. આરોગ્ય માટેની માળખાકીય સુવિધાઓ ઊભી કરવામાં આવી. ન્યાયતંત્ર માટે તા. ૧૫-૨-૧૯૭૮થી સે-૩૦માં કોર્ટની શરૂઆત થઈ અને તા. ૧૩-૩-૨૦૦૩થી ન્યાયતંત્રના અલાયદા મકાનમાં કોર્ટનું સ્થળાંતર થયું.

● પંચદેવ મંદિર, સે. ૨૨ ની પ્રાણપ્રતિષ્ઠા તા. ૨-૬-૧૯૭૨ના રોજ કરવામાં આવી.

● સને ૧૯૭૦માં સે. ૨૯ની મદીના મસ્જીદ અને સે. ૨૧ની જુમા મસ્જિદ રજીસ્ટર કરવામાં આવી.

● સે. ૮ ખાતે તા. ૧૨-૪-૧૯૯૨થી કેથોલીક ચર્ચ શરૂ કરવામાં આવ્યું.

● સે. ૩૦ ખાતે સંત નિરંકારી ગુરૂદ્વારા તા. ૧૭-૨-૧૯૮૪થી શરૂ થઈ.

● સે-૨૨ ખાતે જૈન દેરાસર સંવત ૨૦૪૩ માં શરૂ થયું.

● સરકારી માધ્યમિક શાળા સે. ૧૬ ખાતે તા. ૧૫-૬-૧૯૭૦ થી શરૂ થઈ.

● સે. ૧૬ ખાતે પ્રથમ સરકારી આટ્‌ર્સ અને કોમર્સ કૉલેજ તા. ૧૫-૬-૧૯૭૦ થી શરૂ થઈ.

● કડી સર્વ વિદ્યાલય, સે. ૨૩ ખાતે તા. ૨૨-૫-૨૦૦૭ થી સ્થપાઈ.

● પેટ્રોપ પંપ, સરકારી હોસ્પિટલ, ખાનગી હોસ્પિટલ. એસ.ટી. મથક, હોટેલો, ગેસ એજન્સી, થિયેટરો, બેંકો, રેલવે, હેલીપેડ, શરૂ થયા.

● પહેલું અખબાર 'ગાંધીનગર સમાચાર' સાપ્તાહિક સ્વરૂપે તા. ૨૨-૨-૧૯૮૨ના રોજ શરૂ થયું, જે તા. ૧૨-૩-૧૯૮૬થી દૈનિક સ્વરૂપે પ્રગટ થવા લાગ્યું. ત્યારબાદ અનેક દૈનિકો શરૂ થયાં.

● બાળક્રિંડાગણ, પુનિત વન, વન ચેતના, જવાહરલાલ નહેરૂ આયુર્વેદિક વનસ્પતિ ઉદ્યાન જેવા વન ઉદ્યાનો થયા. મહાનગર પાલિકાનો દરજ્જો આપવાની જાહેરાત કરી અને તા. ૩૦-૪-૨૦૧૦ના રોજ મહાનગર પાલિકા કાર્યાન્વિત કરવાનું નોટીફીકેશન બહાર પડતાં, તા. ૧-૫-૨૦૧૦થી ગાંધીનગર મહાનગરપાલિકાનો પ્રારંભ થયો.

આમ, અંધારામાં અટવાતું અને ધૂળમાં રગદોળાતું એક દિવસનું 'આંધીનગર; ધીમે ધીમે વિકસીને દુનિયાનું એક હરિયાળું નગર બન્યું - અને સાથે સાથે મહાનગર, ફૂલનગર, રાહનગર, સરકારનગર, લોકોત્સવનગર, ચિંતનનગર, સાહિત્યનગર, સ્વપ્નગર, વિદ્યાનગર, અગાસીનગર, ક્રાન્તિનગર, દીનબેલીનગર, ઈન્ફોસીટીનગર, પેન્શનનગર, કર્મનગર, રાજનગર જેવા અવનવા ઈલકાબો મેળવી આજે એક સ્વર્ણિમનગર બન્યું છે. એક સમયની જેના સપરમા જન્મદિને સર્વે નગરજનોને ખૂબ ખૂબ વધાઈ.'

આપણું આ નગર, સમગ્ર માનવ સમાજને એકરૂપ કરી સંવેદનાથી સર્જાતી સેવાવૃત્તિ અને સદ્‌વૃત્તિથી થતી પ્રવૃત્તિઓથી મઘમઘી રહ્યું છે, ત્યારે આપણે એટલો જ સંકલ્પ કરીએ કે, તે કાયમને માટે સાંગોપાંગ અવિરત જળવાઈ રહે!

## આજથી ૪૯ વર્ષ પૂર્વે એટલે કે, બીજી ઓગસ્ટે, ૧૯૬૫ના મંગલકારી સુપ્રભાતે, હાલનાં વિદ્યુત બોર્ડનાં થર્મલ પાવર સ્ટેશનના ગેસ્ટ હાઉસની પ્રથમ ઇમારતની પ્રથમ ઇંટ મૂકાઇ

### સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

સંપાદકો : નટવર હેડાઉ/મૂળજીભાઇ પરમાર

**પ્રસંગ સેતુ**

આજે બીજી ઓગસ્ટ-૨૦૧૪ એટલે, ગરવી ગુજરાતના સાતમા પાટનગર - ગાંધીનગરનો જન્મદિવસ. ૪૯ વર્ષની લીલી-સૂકી, ઉતાર-ચડાવની લાંબી વાટ કાપી; ૫૦ મા પુનિતવર્ષમાં પદાર્પણનો સ્વર્ણિમ દિન! આજથી ૪૯ વર્ષ પૂર્વે એટલે કે, બીજી ઓગસ્ટે, ૧૯૬૫ના મંગલકારી સુપ્રભાતે, હાલનાં વિદ્યુત બોર્ડનાં થર્મલ પાવર સ્ટેશનના ગેસ્ટ હાઉસની પ્રથમ ઈમારતની પ્રથમ ઈંટ મૂકાઈ. અને જે દુનિયામાં નામાંકીત એવું




એક પૂર્ણનગર, હરિયાળું નગર બની ગયું, આપણું પાટનગર ગાંધીનગર! હવે જયારે આપણે નગરનું સ્વર્ણિમ વર્ષ ઉજવવા જઈ રહ્યા છે ત્યારે; સર્વેને આ શુભપ્રસંગે વધાઈ અને શુભેચ્છાઓને દધિ છલકતો રસથાળ સાદર. આવો માણીએ એક કાવ્ય.

- મૂળજીભાઈ પરમાર

**"રાજધાની, સપરમા તુજ જન્મદિને વધાઇ"**

ધન્ય ધરા તું છે રૂડી, માત ગુર્જરી, અમારી,
પ્રથમ રાજધાની હતી, આનર્તપૂરે રૂપાળી!
દૂજે નગરી થૈ દ્વારામતી, જે શ્રીકૃષ્ણે ઉજાળી
ગિરિનગર તૃતીય, ગિરનાર તળે બંધાણી!
ચતુર્થ વલ્લભીપુરે વસી, ખંભાતે પાય પખાળી!
અણહિલપુર પંચમી રાજધાની, બહુ વખણાણી.
અમદાવાદ એ છઠ્ઠી, અમહમદશાહ થકી બંધાણી.
જગતે માન્ચેસ્ટર તરીકે તને બહુ વખાણી!
સપ્તમી સાબરતીરે, રાજધાની શોભતી નિરાળી,
લંગોટીધર બાપુનામે, જગે ગાંધીનગર થૈ પંકાણી.
જગમાં જેનો જડે નૈ જોટો, એવી તું હરિયાળી!
તું બડભાગી; તુજ અંકે ઉજવાય સ્વર્ણિમ ઉજાણી!
નમે 'દધિ' તુજને અવિરત, તુજ પાય પખાણી,
સપરમા તુજ જન્મદિને વધાઈ, રહેજે સદાય હરિયાળી!

- મૂળજીભાઈ પરમાર

**નિબંધ સેતુ**

**સાહિત્યનાં સમૃદ્ધ પુસ્તકો મહામૂલી મૂડી છે**

શિષ્ટ, સત્ત્વશીલ અને સત્સાહિત્યનાં સમૃદ્ધ પુસ્તકો અને ખરેખર માનવજીનની એક મહત્ત્વની મહામૂલી મૂડી સમાન છે, પરંતુ આપણું લક્ષ્ય તે તરફ પ્રમાણમાં ખૂબ જ ઓછું જતું હોય છે!

આવા પુસ્તકો માનવજીનની એકલતામાં એક સાચો સાથી બનીને જીવનની શુષ્કતાને - નીરસતાને દૂર કરે છે. તે માતૃવાત્સલ્યના અખૂટ અમી ઝરણા સમાન છે છે. તે સખી-સહિયર કે સખા-મિત્રના પિતા સમાન છે. તે સખી-સહિયર કે શખા મિત્ર અને ઉમદા પ્રેરણાદાયી જીવન સુધારક એવા ગુરૂ સમાન છે. તે સંતો, અવતારી પુરૂષો, દિગ્ગજ સાહિત્યકારો, સૂફીઓ, સર્જકો- ચિંતકોની પ્રેરણાદાયી વિચારધારાના બોધનો ધોધ સમાન છે અને તેમનાં હૃદય સુધી પહોંચવાના એક સેતુરૂપ છે. આવા સર્જકોની વૃક્ષ વીથિકામાંથી પસાર થતાં, તાપ-સંતાપ, શ્રમ-થાક વિરમી રહે છે. તે જ્ઞાનની અખંડ જલતી મશાલથી અજ્ઞાનતાના ઘોર તિમિરને ભેદીને, જીવનમાં ઝળહળતો અહ્‌ન પ્રગટાવનાર જ્ઞાનદીપ છે. તે માનસિક હીનતાને દૂર કરી, મનની ગરીમાને - ઊંચાઈને વધારે છે. સાહિત્યકારોનો એ શ્વાસ છે - હૃદયનો ધબકતો ધબકાર છે અને એટલે જ તો બર્ટાન્ડ્ર રસેલે કહ્યું છે : 'હું એ દિવસથી જેટલી જ સત્ત્વશીલ દીવાનખાનામાં ફર્નિચર જેટલી જ સત્ત્વશીલ સાહિત્યની જરૂર ગણાશે, સૌથી પહેલાં ત્યાં પડેલા સામયિકો અને પુસ્તક તરફ નજર નાખી લઉં છું. મારે મન સાહિત્ય એ વ્યક્તિના સાચા સંસ્કારનો માપદંડ છે. વિનય, વિવેક, પ્રફુલ્લાત, નિષ્ઠા વિગેરેનું મૂલ્ય તો છે જ, પરંતુ આ ગુણોના વર્ધનમાં સત્સાહિત્ય જેટલું ઉપકારક પરિબળ બીજું કોઈ નથી. જે લોકો શબ્દની શક્તિને જાણે છે - પ્રમાણે છે, તેમના માટે સારાં પુસ્તકો એક મહત્ત્વની મૂડી બની જાય છે. પોતે તો આ મહાન મૂડીનો ઉપયોગ કરે જ છે પરંતુ, સાથોસાથ એ પોતાના લાભ આપે છે.'

પરંતુ માનવજાતની કમનસીબી છે કે, વિકસતા જતા ભૌતિકવાદના વિશ્વમાં, ભૌતિક ચીજવસ્તુઓના અતિ ઉપભોગમાં અને ઉપયોગમાં માણસ છિન્નભિન્ન અને વિછન્ન થતો જાય છે. તે પરમ તત્ત્વને ભૂલીને ભૌતિકવાદનાં મૂલ્યો તરફ ખેંચાતો જાય છે અને પરમતત્ત્વ તરફની શ્રદ્ધા, આત્મબળ અને જીવન મૂલ્યોની ગરિમાથી દૂર દૂર હડસેલાતો જાય છે. માણસ સંવેદનશીલ મટીને વેદનાગ્રસ્ત બનતો જાય છે. અને વૈશ્વિક કટોકટીમાં આર્થિક, સામાજિક, પારિવારિક, માનસિક, શારીરિક અને વૈયક્તિક રીતે વધુને વધુ અસ્થિર બનતો જાય છે અને જીવનમાં ઉપાધિઓને નોતરે છે અને ચિંતાઓના ખડકલા કરીને તેના ભારણતળે દબાઈને નાશીપાસ થઈ, અવિચારી કૃત્યો તરફ દોરાય છે. જો માનવ સત્ત્વશીલ, શિષ્ટ અને સત્સાહિત્યનાં પુસતકોને આશરે જાય તો આમાંથી ચોક્કસ છૂટકારો મળે, એમાં મીનમેખ નથી!

આવાં પુસ્તકો બીજાઓની ખેવના પ્રત્યે અભિમુખ કરે છે તે જીવનની અનેક સાધના ધારાઓનો એક અવિરત પ્રવાહ છે તે ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરે છે. નબળાં મનના માણસો માટે શિષ્ય પુસ્તકોનું વાંચન એ ઉપચારક અને ઉપકારક ઔષધિ છે.

પારિવારિક ભાવનાના સંકુચિત સીમાડામાં ઘેરાઈને આપણે ખંડિતાતા, વિછિન્નતા અને વિસંવાદિતામાં વધારો કરી રહ્યા છીએ. વોલ્ટ બેન્જામીન કહે છે : કદાચ તમને કોઈ પુસ્તક વાંચવા જ ન મળે તો સૌથી સારો રસ્તો એ છે કે, તમે જાતે જ પુસ્તક લખો. ડાયરી લખવા માંડો, વિચારોને શબ્દસ્વરૂપો આપો, પછી તમને મહિનાઓ પછી લાગશે કે, આ ડાયરી તમે પોતે લખી છે.

જો પુસ્તકોને ભેરૂ બનાવીએ તો આપણે આધિ, વ્યાધિ અને ઉપાધિમાંથી ચોક્કસ ઉગરી જઈએ. તેમાંથી લાગતું સત્ય એ ગુંચવાયેલ મગજ અને અંધારે અટવાયેલ બુદ્ધિ અને અંધાધૂંધ અંતરને અજવાળે છે અને શંકા, કુશંકા, દ્વિધા અને સંશયને વાળીઝૂડીને, મલિન મનને ચોખ્ખું ચણાક બનાવે છે. તે મનની મથામણોને દૂર કરી, પ્રજ્ઞાને ઝળહળતી સહજતા અને સજાગતા કેળવાય છે. તે દિમાગને મજબૂત અને કાળજાને કૂણું રાખે છે. સારાં પુસ્તકોનું વાંચન એ સંતપુરૂષની સંગત સમાન છે, જે જીવનની ઉર્ધ્વગતિ તરફ લઈ જાય છે.

અર્થહીન અને અંતહીન પ્રવૃત્તિમાં અમૂલ્ય જીવનની સાંજ પડી જાય છે, જયારે સત્ત્વશીલ વાંચન આપણી જીવનયાત્રાને પ્રકાશિત અને પ્રશસ્ત કરે છે. શિષ્ય અને સત્ત્વશીલ પુસ્તકો એ તો સંસ્કૃતિની આધારશીલારૂપ છે. તે માણસને શારીરિક, બૌદ્ધિક અને આધ્યાત્મિક રીતે સઘન અને સબળ બનાવે છે. દિલમાં સત્વતત્ત્વ, શીલ-સદાચારનું અજવાળું પાથરે છે. તે માર્ગ ભૂલેલા નાવિકને ધ્રુવ તારો બની દિશા ચિંધે છે, જીવનનૌકાને અથડાતાં, બચાવનારા દીવાદાંડી બની જીવનવાટમાં જીવનનૈયાને સાથી દિશા ચિંધનાર રાહબહ બને છે. આપણી વ્યથા અને વ્યાકુળતા, દુઃખ અને પીડા, પરિતાપ અને સંતાપ, હતાશા અને નિરાશાને હણીને અંદરથી હલાવી બદલાવી, સંવારી - સજાવીને મોજ કરાવી જાય છે.

આપણા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીએ પણ કહ્યું છે : 'પ્રજા જો બકાલાંની પાછળ આઠ આના ખરચતી હોય તો, તેને સુપથ્ય સાહિત્ય પાછળ અધેલો ખરચતી જોવાની અમારી અભિલાષા છે.'

**'life's little instructions book'** માં એક લેખકે પુત્રને કહ્યું છે કે : 'સારાં સારાં પુસ્તકો વસાવતો રહેજે, ભલે પછી એ કદી



નહીં વંચાય એમ લાગે.'

આમ જોઈએ તો 'પરિવાર' એટલે 'મૂલ્યોનું ધરુવાડિયું' - જીવનમૂલ્યો શીખવાની નાનકડી પ્રયોગ શાળા. જો આપણે સત્ત્વશીલ, શિષ્ટ સાહિત્યનાં પુસ્તકોનું તો આ ધરુવાડિયાના છોડવા, જીવનના ગમે તેવા ઝંઝાવાતમાં અડગ અને અતૂટ રહે તેવા ખીલી ઉઠશે તેમાં લેશમાત્ર શંકાને સ્થાન નથી. મન, હૃદય અને મસ્તિષ્કને શાતા આપનાર અને એકલતામાં - પ્રવાસમાં સાથી બની રહે અને માનસિક ઊંચાઈ વધારનાર પુસ્તકોનું મૂલ્ય અનેકગણું વધી જાય છે. આથી આવા પુસ્તકો ભેટ આપવાની પ્રથા પાડીને પ્રજ્ઞા પારમિતાની આરાધના કરીએ. જ્ઞાનની આ મશાલ એક હાથમાંથી બીજા હાથમાં પહોંચતી જશે અને અજ્ઞાનનું તિમિર હરાતું જશે અને અંતે પ્રગટશે યજ્ઞવેદીની પવિત્ર જવાળા અને.... સઘળું થશે ઝળાંહળાં!

- 'દધિ'

## પ્રવાસધામ બનતું પાટનગર

(પાના નં. ૪ નું ચાલુ)

● પુનિતવન : (સે. ૧૯)

પુનિતવન એ ગાંધીનગરના સેક્ટર-૧૯માં વિકાસ પામેલુ અનોખુ સ્થળ છે, જ્યાં હિન્દુ ધાર્મિક પરંપરા અનુસાર વાસ્તુ ગાર્ડન અને રાશિવન વિકસાવવામાં આવ્યા છે.



પુનિતવનમાં આવેલ બોટનિકલ ગાર્ડનમાં પણ અતિદુર્લભ કહી શકાય તેવી જડીબટ્ટીઓ અને નાશપામી રહેલી અલભ્ય વૃક્ષ સંપતિનો ઉછેર કરવામાં આવ્યો છે. ખૂબ જ આકર્ષક એવા આ પુનિત વનમાં તેની સુંદરતા અને સ્વચ્છતા આંખે ઉડીને વળગે છે. આ ઉપરાંત અહીં એક એમ્ફી થીયેટર પણ બનાવવામાં આવ્યું છે. પુનિતવનની સ્થાપના ૨૦૦૫ માં કરવામાં આવી હતી.

● ચોપાટી બજાર (ઘ-૫, સે. ૧૬)

ગાંધીનગરાઓ સ્વાદિષ્ટ અને ચટાકેદાર ખાણીપીણીના ખૂબ શોખીન ગણાય છે અને અહીંના ઘ-૫ સર્કલ પાસે આવેલ સેક્ટર-૧૬ ખાતે આવેલ ખાણીપીણી બજાર હવે ગાંધીનગરની ચોપાટી તરીકે પ્રસિદ્ધ થયું છે. અહીં બનતી ચટાકેદાર વાનગીઓની સોડમ ખાવાના શોખીનોને દૂર દૂરથી ખેંચી લાવે છે. શનિ-રવિ અને રજાના દિવસે સાંજથી મોડી રાત સુધી અહીં હકડેઠઠ ભીડ જામે છે. હવે અહીં ફુડકોર્ટનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે.

● સ્વામિનારાયણ ધામ (ન્યુ ગાંધીનગર)

ગાંધીનગરથી અમદાવાદ તરફ જતા કોબા હાઈવે પર ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં આવેલ




સ્વામિનારાયણ ધામ પણ હવે શહેરના ફરવાલાયક સ્થળોમાં સ્થાન મેળવી ચુક્યું છે. અહીં સુંદર અને કલાત્મક બગીચા ઉપરાંત બાળકો માટેની વિવિધ નાની મોટી રાઈડ્સ પરિવાર સહિત વિકએન્ડ માણવા લોકોને આકર્ષિત કરે છે. અહીં મગજની લાડુડી આપતા મહારાજ બાળકોમાં ખૂબ પ્રિય બન્યા છે.

ગાંધીનગર હવે માત્ર ગુજરાતની રાજધાની જ નથી રહ્યું. હવે આ શહેર તેની આગવી ઓળખ અને મહત્વ પ્રસ્થાપિત કરી ચુક્યું છે. વિવિધ સાંસ્કૃતિક અને સામાજિક પ્રવૃત્તિઓથી ધમધમતા આ નગરમાં હજુ પણ પોલીસ ગાર્ડન, મુક્તિધામ, પંચદેવ મંદિર, ધોળેશ્વર મહાદેવ, અયપ્પા મંદિર જેવા અનેક લોકપ્રિય સ્થળો આવેલા છે. આ ઉપરાંત આ નગરની હરિયાળી અને વિશાળ રાજમાર્ગોના કારણે ખુબ જ વિખ્યાત બન્યું છે.